

# ઉપભોક્તા માર્ગદર્શિકા

કેનેડિયન ઈમિગ્રેશન કન્સલ્ટન્ટને પૂછવાના પ્રશ્નો

CICC College of Immigration and Citizenship Consultants
CCIC Collège des consultants en immigration et en citoyenneté
TM/MC

ઉપભોક્તા માર્ગદર્શિકા – કેનેડિયન ઈમિગ્રેશન કન્સલ્ટન્ટને પૂછવાના પ્રશ્નો

© 2022
કૉલેજ ઑફ ઇમિગ્રેશન એન્ડ સિટિઝનશિપ કન્સલ્ટન્ટ્સ
www.college-ic.ca

**મુખ્ય કાર્યાલય**
1002-5500 North Service Road
Burlington, ON L7L 6W6, Canada

# શું તમે કેનેડિયન ઇમિગ્રેશન કન્સલ્ટન્ટને નોકરી પર રાખવાનું વિચારી રહ્યાં છો?

તમે એક વધુ સારા ભવિષ્ય તરફ પગલું ભરવાનો નિર્ણય કર્યો છે.
તમે ઇમિગ્રેશન સંબંધિત સલાહ માટે કન્સલ્ટન્ટ તરફ વળવાનું આયોજન કરી રહ્યાં છો.



## તમારે શું જાણવું જોઈએ

એવા કોઈપણ ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ કે જેઓ કેનેડિયન ઇમિગ્રેશનની અથવા નાગરિકતા સંબંધિત સેવાઓ પ્રદાન કરે છે, પછી ભલે તે સ્થાનિક હોય કે વિદેશમાં હોય, તેમની પાસે **કૉલેજ ઑફ ઇમિગ્રેશન એન્ડ સિટિઝનશિપ કન્સલ્ટન્ટ્સનું લાઇસન્સ** હોવું આવશ્યક છે (કોલેજ).

ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ્સ અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એડવાઈઝર્સની પ્રેક્ટિસનું નિયમન કરવા માટે એ **કૉલેજ કેનેડાની સરકાર દ્વારા આદેશિત ઑથોરિટી** છે. તેની ભૂમિકા, ઑથોરિટી અને સત્તાને એ કૉલેજ ઑફ ઇમિગ્રેશન એન્ડ સિટિઝનશિપ કન્સલ્ટન્ટ્સ એક્ટ (કેનેડા) દ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે.

ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ એવા વ્યાવસાયિકો છે જેઓ **જાહેર હિતમાં** કૉલેજ દ્વારા નિર્ધારિત શૈક્ષણિક, વ્યાવસાયિક અને નૈતિક ધોરણોને સંતોષે છે.

આ માર્ગદર્શિકા તમને તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ પાસેથી તેમની સેવાઓ સ્વીકારતાં પહેલાં પૂછવા માટેના કેટલાંક પ્રશ્નોની યાદી આપે છે. એ પ્રશ્નોનો હેતુ ફક્ત માર્ગદર્શન આપવાનો જ છે.



### જાહેર રજિસ્ટર

**કોઈપણ જાતના કરાર પર સહી કરતાં પહેલાં એ ચકાસી જુઓ કે તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ જાહેર રજિસ્ટર પર સૂચિત થયેલાં છે.**



## સૂચક ચિહ્નો

કૉલેજ દ્વારા લાઇસન્સ પ્રાપ્ત ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ્સ ટ્રેડ-માર્ક ધરાવતા સૂચક ચિહ્નનો ઉપયોગ કરે છે જેનાથી એવી ગેરંટી મળે છે કે તેઓ પ્રેક્ટિસ કરવા માટે અધિકૃત છે. આ સૂચક ચિહ્ન તમારા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટના પ્રેક્ટિસ માટે વપરાતા લેટરહેડ, બિઝનેસ કાર્ડ, ઇ-મેઇલ સિગ્નેચર બ્લોક, વેબસાઈટ, સોશિયલ મીડિયા અને પ્રસ્તુતિઓ, પ્રકાશનો અથવા જાહેરાતોમાં દેખાઈ શકે છે.

જ્યાં ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ (RCIC) સારી સ્થિતિમાં વેબસાઈટ પર RCIC ના સૂચક ચિહ્નનો ઉપયોગ કરે છે, ત્યાં પ્રેક્ટિસ સાથે જોડાયેલા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ(ઓ)ના નામ(ઓ) RCIC ના ચિહ્ન(ઓ)ની સાવ બાજુમાં જ સ્થિત હોવા જોઈએ. એ ઉપરાંત, ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ(ઓ)ના નામ(ઓ) અમારા સાર્વજનિક રજિસ્ટરમાં દર્શાવવામાં આવેલા નામ(ઓ) જેવા જ હોવા જોઈએ, અને વેબપેજમાં "કૉલેજ ઑફ ઈમિગ્રેશન એન્ડ સિટિઝનશિપ કન્સલ્ટન્ટ્સ સાથે સ્ટેટસ ચકાસો" એવું લખાણ હોવું જ જોઈએ.

તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટનું સૂચક ચિહ્ન અહીં પ્રદર્શિત કરાયેલા સૂચક ચિહ્નોમાંથી કોઈ એક જેવું જ હોવું જોઈએ:

RCIC
Regulated Canadian
Immigration Consultant
TM

RCIC
Regulated Canadian
Immigration Consultant
CRIC
Consultant réglementé
en immigration canadienne
TM/MC

## તમે શું કામ કરશો?

તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ તમને એક સેવા કરાર અથવા કરાર આપશે જેમાં આ બાબતો સૂચિત હશે:

- તમે કઈ સેવાઓ માટે ચુકવણી કરશો
- તમે કેટલી ચુકવણી કરશો, અને તમારે અગાઉથી ચુકવણી કરવાની જરૂર પડશે કે કેમ
- જો તમારે ડિપોઝિટ ચૂકવવાની જરૂર રહેશે કે નહીં અને શું ફીનો કોઈપણ ભાગ રિફંડને પાત્ર છે કે કેમ
- પૂરી પાડવામાં આવેલી કોઈપણ અન્ય સેવાઓ અથવા જેને નોકરી પર રાખવાની જરૂર હોય તેવા વ્યાવસાયિકો (ઉદાહરણ તરીકે, વકીલો અથવા અનુવાદકો) ની કિંમત

જો સેવા કરારમાં કંઈપણ અસ્પષ્ટ હોય, તો વધુ સ્પષ્ટતા માટે લેખિતમાં પૂછો. તમે જેના માટે ચુકવણી કરી રહ્યાં હોવ તેવી દરેક સેવાને તમારે સમજવી જોઈએ. તમારા સેવાના કરાર પર હસ્તાક્ષર કર્યા પછી તમારે કોઈપણ ગુપ્ત ફી અથવા વધારાના શુલ્કની ચુકવણી કરવી જોઈએ નહીં.



## તમે કેટલાં અનુભવી છો?

જો તમે પૂછો, તો તમારા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે તમને આ બાબતો વિશે જણાવવું જોઈએ:

- તમને લાઇસન્સ મળ્યાને કેટલો સમય થયો છે
- તેઓને ઇમિગ્રેશન-સંબંધિત અન્ય કયા અનુભવો હશે
- તેઓ કયા ક્ષેત્રોમાં નિષ્ણાત છે
- તેમણે કયા પ્રકારના ઉપભોક્તાને સેવા આપી છે

જો તેમને તમારા જેવા કેસોનો અનુભવ હોય, તો તેઓ તમને આવુ પણ કહી શકે છે:

- પ્રક્રિયામાં કેટલો સમય લાગી શકે છે
- એ અરજીની પ્રક્રિયામા તમારે કદાચ જેનો સામનો કરવો પડે તેવી સમસ્યાઓ
- એ પ્રક્રિયામાંથી તમે કેવા પરિણામોની અપેક્ષા રાખી શકો છો



## જો ભૂતકાળમાં મને ના પાડવામાં આવી હોય તો પણ શું તમે મને મદદ કરી શકો છો?

તમને શક્ય હોય તેટલી શ્રેષ્ઠ સેવા મળે તેની ખાતરી કરવા માટે, જો તમારી ઈમિગ્રેશન અરજીને ક્યારેય પણ નકારી કાઢવામાં આવી હોય તો તમારા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટને તેના વિશે જણાવો અને તેમને તે ઇનકાર માટેનું કારણ અથવા કારણો પણ જણાવો.

તમને કદાચ તમારી અરજી સબમિટ કરવા માટે ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ નવી વ્યૂહરચના આપી શકશે. તમને નકારવામાં આવ્યા હોય તેનો ઇતિહાસ તમારી સફળતાની તકોને કેવી રીતે અસર કરી શકે છે તે સમજાવવા માટે પણ તેઓ સક્ષમ હોવા જોઈએ.





## શું તમે મને નોકરી શોધવામાં પણ મદદ કરી શકો છો?

ઘણીવાર કેનેડામાં સ્થળાંતર કરવું અને નોકરી શોધવી એ એકબીજા સાથે જોડાયેલ બાબત હોવા છતાં, તમને દરેક પ્રક્રિયા માટે અલગ-અલગ પ્રતિનિધિઓની જરૂર પડી શકે છે.

દાખલા તરીકે, તમારે કેનેડિયન ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ અને લાઇસન્સ પ્રાપ્ત ભરતી કરનાર એમ બંને સાથે કામ કરવાની જરૂર પડી શકે છે.

"એક જ ફીમાં, અમે તમને નોકરી શોધી આપીશું અને તમારા ઇમિગ્રેશન પેપર્સ મેળવી આપીશું" આવા વચનોથી સાવધાન રહો. તમને નોકરી શોધી આપવા માટે કોઈપણ વ્યક્તિએ તમારી પાસેથી ફી વસૂલવી જોઈએ નહીં - નોકરી દેનાર, ભરતી કરનાર અથવા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ પણ નહીં.

નોંધ: તમારા ભાવિ નોકરી દેનાર માલિકને કદાચ **લેબર માર્કેટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA)** એપ્લિકેશન સબમિટ કરવાની જરૂર પડી શકે છે. જો આવું હશે, તો તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ તમારી વર્ક પરમિટની અરજી સાથે માન્ય LMIA સબમિટ કરશે (પાત્રતાના આધારે, કેટલાંક વિદેશી નાગરિકોને LMIA અથવા વર્ક પરમિટમાંથી મુક્તિ મળી શકતી હોય છે).

## મારી અરજીમાં કોણ મદદ કરશે?

તમારી ફાઇલ પર તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ ઉપરાંત, કદાચ બીજા ઘણા લોકો કામ કરી શકે છે.

જે કોઈ લોકો તમારી ફાઇલ પર કામ કરશે તેના માટે તમારે તમારા પ્રાથમિક સંપર્ક અને અન્ય કોઈ લોકોના નામ જાણવા જોઈએ, જેમાં સ્ટાફના સભ્યો, એજન્ટો અને અન્ય ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ અથવા વકીલોનો સમાવેશ થઈ શકે છે.

તમારા પ્રાથમિક સંપર્કને દરેક વ્યક્તિની ભૂમિકાઓ અને જવાબદારીઓનું વર્ણન કરવાનું કહો.



## તમે તમારી ફી કેવી રીતે સેટ કરો છો?

એક ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ તેમની ફી નીચે આપેલી બાબતો પર આધારિત રાખી શકે છે:

- તેમના અનુભવના વર્ષો
- તેઓ તમારી ફાઇલ પર કામ કરવા માટે કેટલાં કલાક વિતાવશે
- તમારી પરિસ્થિતિની જટિલતા
- તમારા કેસ પર કામ કરવા માટે જેની જરૂર પડી શકે તેવા બીજા વ્યાવસાયિકોની સંખ્યા.

ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ તેમની ફી નક્કી કરવા સંબંધિત સ્વતંત્રતા ધરાવે છે. એ કોલેજ તેમણે તેમની સેવાઓ માટે કેટલો ચાર્જ લેવો જોઈએ તે બાબતનું નિયમન કરતું નથી. તેમ છતાં, ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે તમે જે ચોક્કસ સેવાઓ માટે તેમને કામ પર રાખ્યા છે તેના માટે ન્યાયિક અને વાજબી ફી સેટ કરવી જોઈએ.

ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ એડવાઇઝર્સ સીધાં વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતાં નથી. તેઓ ખાસ ડેઝિગ્નેટેડ લર્નિંગ ઇન્સ્ટિટ્યુશન્સ (DLIs) ના પગારદાર કર્મચારીઓ છે.





## શું હું તમને કલાક દીઠ ચુકવણી કરી શકું છું?

તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ કલાક દીઠ દરની ઓફર કરે અથવા ન પણ કરે. જો તેઓ એમ કરે છે, તો તેમણે તમારા સેવાના કરારમાં કલાક દીઠ દરની રૂપરેખા આપવી જોઈએ. તેઓએ તમને તૈયારી, સબમિશન, મોનિટરિંગ અને ચાલુ સંદેશાવ્યવહાર સહિતના કાર્યો માટે તમારા કેસ પર તેઓ કેટલા કલાક કામ કરવાની અપેક્ષા રાખે છે તેનો અંદાજ પણ આપવો જોઈએ.







## શું મારે બધી જ અરજીઓ માટે અગાઉથી જ ચૂકવણી કરવી પડશે?

તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ તમને આ બાબતની સૂચિ આપશે:

- તમારે કરવાની જરૂર હોય તેવી દરેક અરજી
- દરેક અરજીની કિંમત
- તમારે દરેક તબક્કા પર કરવાની જરૂર હોય તેવી ચુકવણીઓ

તમારે એવી અરજી માટે અગાઉથી ચૂકવણી કરવાની જરૂર રહેતી નથી કે જે બીજી એપ્લિકેશનની સફળતા પર આધારિત હોય.

જો તમે તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટને માસિક ચુકવણીની યોજના પ્રમાણે ચુકવણી કરો છો, તો ખાતરી કરો કે તમે ચુકવણીના સમયે બાકી રહેલી સેવાની ફી માટે જ ચુકવણી કરી રહ્યાં છો.



## જો હું મારો કરાર રદ કરું તો શું તમે મારા પૈસા પાછા આપશો?

તમે તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે જેના પર હસ્તાક્ષર કરો છો તે સેવાના કરારમાં તમે રિફંડ મેળવી શકો છો કે કેમ તેની વિગતો હશે.

સામાન્ય રીતે

- જો તમારી અરજી સબમિટ કરી દેવામાં આવી છે અને તમે નિર્ણયની રાહ જોઈ રહ્યા છો, તો તમારા માટે રિફંડની અપેક્ષા રાખવી એ વાજબી ન હોઈ શકે.
- જો તમારી અરજીને હજુ સુધી સબમિટ કરવામાં આવી નથી, તો તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટે હજુ સુધી જે કામ ન કર્યું હોય તેવા કામ માટે આંશિક રિફંડ માંગવું એ વ્યાજબી હોઈ શકે છે.

જો તમે એક ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે કામ કરવાનું બંધ કરો છો, તો તેમણે તમારા મૂળ દસ્તાવેજો પાછા આપવા જ જોઈએ. તેમણે તમને તમારી અરજી ચાલુ રાખવા માટે જરૂરી તમામ માહિતી પણ આપવી જ જોઈએ.

જો તમે કોઈ નવા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટની નિમણૂક કરો છો, તો અન્ય IMM 5476 એક પ્રતિનિધિ ફોર્મનો ઉપયોગ પર સહી કરો. ત્યારબાદ તમારા નવા પ્રતિનિધિને તમારી ઇમિગ્રેશન એપ્લિકેશન ઍક્સેસ કરવા માટે તમારા પાસેથી દસ્તાવેજો અને વિગતો મેળવવાની વિનંતી કરવાદો.

## શું તમે જેની સાથે કામ કરો છો તે નોકરીદાતાઓ અથવા શાળાઓ તરફથી તમને એક કમિશન મળે છે?

ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ્સ અને ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ એડવાઇઝર્સે વ્યાવસાયિક આચાર સંહિતાનું પાલન કરવું જરૂરી છે અને તે પ્રમાણે તેઓ તમને આવું કહેશે:

- તેઓ તમારી ઈમિગ્રેશન અરજી પર કામ કરવા માટે કોઈ બીજા વ્યક્તિ પાસેથી નાણાં અથવા કોઈ લાભો મેળવી રહ્યાં છે કે કેમ
- જો તેમના વ્યવસાયિક હિતો તમારા હિતો સાથે ટકરાતા હોય

બીજા શબ્દોમાં કહીએ તો, જો તેઓ તમને નોકરી અપાવવાના અથવા શૈક્ષણિક કાર્યક્રમમાં મૂકવાના બદલામાં નોકરી દેનાર અથવા શાળા પાસેથી કમિશન મેળવતા હોય, તો તમે તેમને કામ પર રાખો એ પહેલાં તેમણે તમને એના વિશે જણાવવું જરૂરી છે.





## કેનેડિયન ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે કામ કરવા સબધિત સલાહો

- અમારા **પબ્લિક રજિસ્ટર** પર તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટનું સ્ટેટસ ચકાસો. એવી ખાતરી કરો કે તેઓ "સક્રિય" નિયંત્રિત કેનેડિયન ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ (RCIC) અથવા નિયંત્રિત ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ ઇમિગ્રેશન એડવાઇઝર (RISIA) તરીકે સૂચિબદ્ધ છે. જો તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટનો દરજ્જો "રદ કરેલ" અથવા "સસ્પેન્ડેડ" હોય, તો તેઓ હાલમાં પ્રેક્ટિસ કરવા માટે અધિકૃત નથી.
- અમારા **ડિસિપ્લિનરી પ્રોસિડિંગ્ઝ એન્ડ ટ્રિબ્યુનલ** વિભાગમાં શિસ્તની સૂચનાઓના સંબંધમાં તપાસો.
- તમારા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટને સંદર્ભો આપવાનું કહો.
- એ ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ વિશેની સમીક્ષાઓને વાંચો.
- એ ઇમિગ્રેશન કન્સલ્ટન્ટની ફીની બીજા લોકોની ફી સાથે સરખામણી કરો.
- સીધાં એ જ ઇમિગ્રેશન કન્સલ્ટન્ટનો સંપર્ક કરો જે તમારી અરજીનું કામ હાથ ધરવાના હોય. હંમેશા અમારા **પબ્લિક રજિસ્ટર** પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરો.
- જો તમને કોઈ નોકરી અથવા અભ્યાસ સંબંધિત કાર્યક્રમ વિશે પ્રશ્નો હોય તો કોઈપણ સંભવિત નોકરી દેનાર અથવા એ શાળાનો સંપર્ક કરો.



